©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LV ] FRIDAY, 10TH JANUARY, 2014/PAUSHA 20, 1935 [No. 05**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ

### કલેકટર કચેરી, ભરૂચ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ તેમજ
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫ મુજબ

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાની જાહેર પ્રસિધ્ધિ કરવા બાબત

### અધિસુચન

ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી ભરૂચ તા.૧૦/૦૧/૨૦૧૪

પત્રક્રમાંકઃ-બૌડા/મુ.વિ.યો./૨૬૮/૨૦૧૪.-ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨(૧), (૨),(૨-એ), ૨૨(૫), કલમ-૨૩(૩) અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ હેઠળ ગુજરાત સરકારશ્રી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૭/૦૧/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૪ ઓફ ૨૦૧૨/યુડીએ-૧૯૦૯-૧૨૧૮-લ તથા તા. ૨૫/૦૯/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૧૮૭ નો ૨૦૧૨/યુડીએ-૧૯૦૯-૧૨૧૮-લ ભરૂચ તાલુકાના ૫૫ ગામો,અંકલેશ્વર તાલુકાના ૩૪ ગામ, અને ભરૂચ નગરપાલિકા વિસ્તાર તથા અંકલેશ્વર નગરપાલિકા વિસ્તાર એમ ભરૂચ જીલ્લાના કુલ ૮૯ ગામો તથા બે નગરપાલિકા વિસ્તારના આશરે ૬૩૫.૦૦ ચો.કી.મી.ના વિસ્તાર માટે ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી તરીકે રચના કરવામાં આવેલ છે. ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૯ હેઠળ પ્રાપ્ત થતી સત્તાઓ અને ફરજો અન્વયે ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી એ સત્તામંડળ તેના હકુમત હેઠળના વિસ્તારની મુસદ્દારૂપ વિકાસ યોજના, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જીડીસીઆર) અને સંબધિત રિપોર્ટ તૈયાર કરેલા છે. જેને ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીએ સત્તામંડળની બોર્ડ બેઠકના ઠરાવ નં. ૪૬ થી મંજુર કરવામાં આવેલ છે. સદર ઠરાવથી અધિકૃત કર્યા પ્રમાણે ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીએ સત્તામંડળના ચેરમેનશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી ધ્વારા મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્ત, નીચે દર્શાવેલ અનુસૂચિની વિગતો સાથે ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીએ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯(૧) હેઠળ સરકારશ્રીને તા. ૧૦/૧/૨૦૧૪ ના પત્ર સાથે સાદર કરવામાં આવેલ છે.

તેથી હવે સદરહું અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩ની પેટા કલમ-(૧) અનુસાર ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી આથી નોટીસ આપે છે કે, મુસદ્દારૂપ વિકાસ યોજના અને તેના ભાગરૂપે જીડીસીઆરના મુસદ્દા રાજયપત્રમાં પ્રસિધ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, તેના સંબધમાં કોઈ વ્યકિત કે સંસ્થા પાસેથી લેખિત વાંધાઓ અથવા સુચનો મળે તેવા વાંધાઓ અને સુચનો સત્તામંડળ વિચારણામાં લેશે અને ગુણદોષના આધારે મુસદ્દારૂપ વિકાસ યોજના અને જી.ડી.સી.આર ની જોગવાઈઓમાં ફેરફારો કરી શકશે.

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની
કલમ-૧૩ની પેટા કલમ-(૨) અનુસાર અનુસૂચિ.

(ક) યોજનાની આવરી લીધેલ વિસ્તારમાંની જમીનનો જે ઉપયોગ કરવા ધાર્યુ હોઈ તેનો અને વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે કરેલ સર્વેનો વિસ્તૃત રીતે નિર્દેશ કરતું નિવેદન.

(ખ) નકશા, ચાર્ટ અને વિકાસ યોજનાના મુસદ્દામાંની જોગવાઈઓ સમજાવતાં નિવેદનો.

(ગ) વિકાસ યોજનાના મુસદ્દાની જોગવાઈઓનો અમલ કરવા માટે વિનિયમોનો મુસદ્દો.

(ઘ) કોઈ જમીનને વિકાસ કરવા માટેની પરવાનગી, યથાપ્રસંગ, સત્તામંડળ પાસેથી કેમ મેળવવી તેની રીત સમજાવતી દરખાસ્તો.

(ચ) વિકાસ યોજનાના મુસદ્દાથી સત્તામંડળ ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા ધ્વારા પહોંચી વળવા ધાર્યુ હોય તેનું નિવેદન.

(છ) સાર્વજનિક હેતુઓ માટે અલાયદી રાખેલી જમીનના સંપાદનમાં થનાર ખર્ચાનો આશરે અંદાજ.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૧૦ હેઠળ મુસદ્દારૂપ વિકાસ યોજના, જીડીસીઆર અને સંબંધિત રિપોર્ટની નકલો ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની ભરૂચ મુકામેની નીચે દર્શાવેલ મુખ્ય કચેરીમાં અને ભરૂચ-અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની અંકલેશ્વર મુકામેની નીચે દર્શાવેલ કચેરીના કામકાજના સમયે, જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે.

ભરૂચ.માહે.૧૦ જાન્યુઆરી, સને-૨૦૧૪.

(અવંતિકા સિંઘ) આઈ.એ.એસ.
અધ્યક્ષ
ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ
ભરૂચ

(૧) મુખ્ય કચેરી:- ભરૂચ
જીલ્લા આયોજન ભવન
કણબીવગા, ભરૂચ
ભરૂચ

(૨) પેટા કચેરી:- અંકલેશ્વર
મુખ્ય અધિકારી
અંકલેશ્વર નગરપાલિકા,
અંકલેશ્વર

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIG HT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.